# કવિવર મુરારિ રચિત 'અનર્ઘરાઘવમ્' નાટકનું કથાવસ્તુ અને તેમાં કરેલા ફેરફાર

પ્રો. ડૉ. સુરવીરસિંહ આઈ. ઠાકોર
સંસ્કૃત વિભાગાધ્યક્ષ,
આર્ટસ્ એન્ડ કોમર્સ કૉલેજ, ઓલપાડ, જિ. સુરત

કવિવર મુરારિ રચિત 'અનર્ઘરાઘવમ્' નાટકનું કથાવસ્તુ પ્રસિદ્ધ વાલ્મીકિ રામાયણ પર આધારિત છે, તે સાત અંકમાં વણાયેલું છે. આ નાટકની યોગ્યતાને કારણે તથા રોચકતાને કારણે કવિ મુરારિ ' બાળવાલ્મીકિ'ના નામથી પ્રખ્યાત થયેલા છે. કવિએ 'અનર્ઘરાઘવમ્'માં જે કંઈ ફેરફારો કર્યા તે નાટકની દૃષ્ટિથી કર્યા છે. આને આધારે નાટક મૂળ રામાયણ કથાથી થોડું જુદું સ્થાન બનાવી શક્યું છે. કવિએ જે કોઈ પરિવર્તનો કર્યા છે તે મૌલિક તથા પ્રાકૃતિક જોવા મળે છે.

પ્રસ્તાવનામાં સૂત્રધારના મુખમાં મુકેલ શબ્દો દ્વારા રામાયણ આધારિત કથા રચવા પાછળનું કારણ જણાવતાં કવિએ લખ્યું છે કે ....

"यदि क्षुण्णं पूर्वैरिति जहति रामस्य चरितं
गुणैरेतावक्रिर्जगति पुनरन्यो जयति कः ।
स्वमात्मानं तत्तद्गुणगरिमगम्भीरमधुर–
स्फुरद्वाग्ब्रह्माणः कथमुपकरिष्यन्ति कवयः ।"

આમ, રામચન્દ્રના ચરિતને પોતાની કાવ્યકલાનો આધાર નહીં બનાવે, તો બીજો રામચન્દ્ર સમાન ચરિતનાયક આ સંસારમાં ક્યાં મળશે ?

'અનર્ઘરાઘવમ્' નાટકમાં વિશ્વામિત્રના આગમનથી શરૂ થઈ રામ–રાજ્યાભિષેક સુધીની કથા આલેખાયેલી છે.

પ્રા. ડી. આર. સુથાર નોંધે છે કે, "મુરારિએ નાટ્યરચનાનું ચાતુર્ય દર્શાવવા મૂળ કથાનકમાં કેટલાંક પરિવર્તનો કર્યાં છે. આમાં મુખ્ય ચાર છે :
(૧)રામાયણ પ્રમાણે રામે છૂપાઈને વાલીનો વધ કર્યો, તેથી એનો યશ કલંકિત થાય છે. નાટકમાં વાલી સ્વયં ઉત્તેજિત થઈ રામને યુદ્ધ માટે પડકાર ફેંકે છે. આમ, વાલી – સુગ્રીવ યુદ્ધને બદલે અહીં રામ – વાલી યુદ્ધનું વર્ણન થયું છે.
(૨)પરશુરામ સાથે યુદ્ધ કરવા તત્પર બનેલા રામના ધનુષ્યનો ટંકાર સાંભળી સીતા એક વિચિત્ર છતાં નવી કલ્પના કરે છે.

(૩)ગુહના રક્ષણ માટે લક્ષ્મણનું કબંધ સાથેનું યુદ્ધ પણ મુરારિની પોતાની   કલ્પના છે.
(૪)મંથરા સ્વરૂપે શૂર્પણખાને જ કૈકેયીને ત્યાં મોકલવાની વાત રામાયણ કરતાં જુદી છે."
કવિવર મુરારિએ 'અનર્ઘરાઘવ'માં કરેલા પરિવર્તનને જોવાનો પ્રયત્ન કરીશું.

રામનું જીવન આલેખતી રામાયણની કથા સાત કાંડોમાં વહેંચાયેલી છે. બાલકાંડ, અયોધ્યાકાંડ, અરણ્યકાંડ, કિષ્કિન્ધાકાંડ, સુંદરકાંડ, યુદ્ધકાંડ અને ઉત્તરકાંડ.

મુરારિ રચિત રામકથા પર આધારિત 'અનર્ઘરાઘવ' નાટક સાત અંકોમાં વિભાજિત થયેલું છે. વાલ્મીકિ રામાયણની કથાનો આરંભ વાલ્મીકિ આશ્રમમાં કુતૂહલવશ આવેલા નારદમુનિને વાલ્મીકિ સર્વગુણ સંપન્ન હોય તેવા શ્રેષ્ઠ પુઢષ વિશે પૂછે છે ત્યાંથી થાય છે. જવાબમાં મહર્ષિ નારદે અત્યંત સંક્ષેપમાં રાજા રામનો યૌવરાજ્યાભિષેક કૈકેયીના કહેવાથી અટક્યો ત્યાંથી આરંભીને રાવણને મારી પાછા આવેલા રામનો રાજ્યાભિષેક થયો ત્યાં સુધીની વાર્તા કહી.

કવિવર મુરારિ રચિત 'અનર્ઘરાઘવમ્' નાટકમાં વિશ્વામિત્રાગમનથી રામ– રાજ્યાભિષેક સુધીની કથા નિઢપી છે.

મૂળ વાલ્મીકિ રામાયણમાં વિશ્વામિત્ર રામની માગણી મારીચ અને સુબાહુના ત્રાસથી યજ્ઞની રક્ષાર્થે કરે છે, ત્યારે દશરથ બાળક રામને મોકલવા ઈન્કાર કરે છે. પછી વસિષ્ઠની સમજાવટને કારણે પ્રિયપુત્ર રામને વિશ્વામિત્ર સાથે મોકલવાનો નિર્ણય કરે છે.

મુરારિએ 'અનર્ઘરાઘવ' નાટકના પ્રથમ અંકમાં દશરથ વિશ્વામિત્રને ઈન્કાર કરતા નથી અને દશરથ રામ–લક્ષ્મણની સોંપણી સજળનેત્રે કરે છે. આમ, અહીં રામાયણમાં જોવા મળતી દશરથની મર્યાદાનું નિવારણ કર્યું છે. 'અનર્ઘરાઘવ'ના તૃતીયાંકમાં વિશ્વામિત્ર રામ–લક્ષ્મણ સાથે મિથિલાનગરીમાં આવે છે, ત્યાં વિશ્વામિત્ર રાજા જનકને જણાવે છે કે,"कात्यायनीकामुककार्मुकारोपणपणप्रणयप्रवीणेन तु दुहितुः पत्या संप्रत्यपर्युषितप्रतिज्ञो भूयाः।" આમ, અહીં જનકને 'શિવ ધનુષ્ય આરોપિત કરવાની કળામાં પ્રવીણ જમાઈ આપની પ્રતિજ્ઞા પૂર્ણ કરે.' આ પ્રકારનો વિશ્વામિત્રનો આશીર્વાદ મૂળ રામાયણમાં જોવા મળતો નથી. અહીં મુરારિએ નાવીન્ય યુક્ત ફેરફાર કર્યો છે.

તૃતીય અંકમાં રાવણ પુરોહિત શૌષ્કલ આવે છે. જનક એમનું સ્વાગત કરી, રાવણની કુશળતા અંગે પૃચ્છા કરે છે. રામ રાવણના ગુણની પ્રશંસા લક્ષ્મણ પાસે કરે છે, અને શૌષ્કલ જણાવે છે કે રાવણે સ્વયં આપની અયોનિજા કન્યાની યાચના કરવા મને તમારી પાસે મોકલ્યો છે. જુઓ ....

"कन्यामयोनिजन्मानं वरीतुं प्रजिधाय माम् ।
पुरोधसा गौतमेन गुप्तस्य भवतो गृहान् ॥"

જનકપુરોહિત શતાનન્દ શૌષ્કલને સ્પષ્ટ જવાબ આપી દે છે કે, "મહાદેવના ધનુષ્યને આરોપિત કરવામાં જે અમને આનન્દિત કરશે, પૂર્ણપાત્ર સ્વરૂપ તે મૈથિલી એની જ દક્ષિણા બનશે." ગુઢઓની આજ્ઞાથી રામ શિવધનુષ્યનો ભંગ કરે છે.

રાવણ પુરોહિત શૌષ્કલનું જનકપુરીમાં આવીને રાવણ સાથે સીતાની વિવાહની માગણી કરવી, આ આખો પ્રસંગ કવિની નિજી કલ્પનામાંથી રચાયેલો છે. વાલ્મીકિ રામાયણમાં આવો પ્રસંગ નથી. આ પ્રસંગને કારણે કથાવસ્તુમાં રોચકતા, કુતૂહલ તથા ઉત્તેજના જન્મે છે, અને વાચક તથા શ્રોતાને વિશિષ્ટ આનંદાનુભૂતિ થાય છે.

વાલ્મીકિ રામાયણમાં રામ શિવધનુષ્ય ભંગ કરે છે. બાદ રાજા જનક પોતાના પ્રધાનો મોકલી દશરથ રાજાને તેમના પુરોહિત–વસિષ્ઠ તથા પ્રધાનો સહિત જનકપુરીમાં આમંત્રે છે. જનકરાજાની સભામાં વસિષ્ઠ દશરથની વંશાવલી સંભળાવે છે, અને પોતાના વક્તવ્યમાં અંતે વસિષ્ઠ જણાવે છે કે, "ઈક્ષ્વાકુ વંશમાં ઉત્પન્ન થયેલા રાજાઓના વંશમાં જન્મેલા આ રામ–લક્ષ્મણ માટે હું તમારી સીતા–ઊર્મિલા બન્ને કન્યાઓની માગણી કરું છું, માટે હે નરશ્રેષ્ઠ, તમે સર્વ પ્રકારની ગુણિયલ બન્ને કન્યાઓ આપીને સુખી થાઓ."

વસિષ્ઠની વાત સાથે જનક સહમત થઈ સીતા તથા ઊર્મિલાના લગ્ન મઘા નક્ષત્રમાં કરવા જણાવે છે. બાદ જનકના વચન સાંભળી મુનિવર વસિષ્ઠ અને વિશ્વામિત્ર જનકના નાનાભાઈ કુશધ્વજની માંડવી અને શ્રુતિકીર્તિને ભરત તથા શત્રુઘ્ન માટે માગણી મૂકતાં જણાવે છે કે, "હે ધર્માત્મા ! તમારા નાનાભાઈ કુશધ્વજને અતિ સ્વરૂપવાન બે કન્યાઓ છે. તે બન્નેની મહારાજા દશરથના રાજકુમારો ભરત અને શત્રુઘ્નને માટે અમે માગણી મૂકીએ છીએ." (બાલકાંડ, સર્ગ–૭૨)

કવિવર મુરારિ રચિત 'અનર્ઘરાઘવ' નાટકમાં તૃતીયાંકમાં રામ શિવધનુષ્ય ભંગ કરે છે. બાદ રાજા જનક વિશ્વામિત્રની પાસે ઊર્મિલા માટે લક્ષ્મણને તથા શતાનન્દ માંડવી તથા શ્રુતકીર્તિ માટે ભરત તથા શત્રુઘ્નની માગણી કરે છે.

આમ, અહીં મુરારિ વાલ્મીકિ રામાયણમાં વસિષ્ઠ–વિશ્વામિત્ર ઊર્મિલા વગેરેની માગણી કરે છે તેનાથી વિપરીત કથાવસ્તુની રચના કરી જનક તથા શતાનન્દ દ્વારા કન્યાઓ માટે રાજકુમારોનો હાથ માગવામાં આવ્યો છે. આ રીતે મૂળ રામાયણથી જુદી કથાવસ્તુ નિરૂપીને નવીનતા લાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

કવિશ્રી મુરારિકૃત 'અનર્ઘરાઘવ'માં સીતાના લગ્ન રામ સાથે થાય છે. આથી શૌષ્કલ ચિંતિત છે. માલ્યવાન–શૂર્પણખાના સંવાદમાં પણ રાવણ બળાત્કારે સીતાનું હરણ કરે તો ખૂબ મોટું અનિષ્ઠ સર્જાવાના ભયથી વ્યથિત જોવા મળે છે. માલ્યવાન શૂર્પણખાને સમજાવતાં જણાવે છે કે, "અયોધ્યાથી કૈકેયી દ્વારા ભરતના સમાચાર માટે મોકલેલી મન્થરા નજીકના સૂમસાન માર્ગમાં છે. આ વાત સૂર્યના શિષ્ય હનુમાને અત્યારે જ બતાવી છે. આથી તું મારા અનુરોધથી પોતાના દેહને હનુમાનની દેખરેખમાં રાખી પરકાયા પ્રવેશવિદ્યા દ્વારા મન્થરાના શરીરમાં પ્રવેશ કરીને મિથિલા ચાલી જા, બધાનો વિશ્વાસ પ્રાપ્ત કરી લે, અને આ બધી વાતો દશરથને બતાવી દે."

ઉપર્યુક્ત પ્રસંગ કવિ મુરારિનો મૌલિક છે. મૂળ વાલ્મીકિ રામાયણમાં આ રીતે પરકાયા પ્રવેશ અંગેની કથાવસ્તુ જોવા મળતી નથી.

ફાધર કામિલ બુલ્કે જણાવે છે કે, "रामायण की आधिकारिक कथावस्तु को अपेक्षाकृत कम महत्त्व मिलने के अतिरिक्त इन नाटकों में विशेषताएँ पाई जाती है। ऐसे पात्रों का अन्य पात्रों का रूप धारण कर लेना। उदाहरणार्थ – अनर्घराघव में शूर्पणखा मंथरा का रूप धारण कर लेतीाहै।"

ઉપરોક્ત ફેરફાર અંગે પ્રા. ડી. આર. સુથાર જણાવે છે કે, "મુરારિએ નાટ્ય રચનાનું ચાતુર્ય દર્શાવવા મૂળ કથાનકમાં કેટલાંક પરિવર્તનો કર્યાં છે. મંથરા સ્વરૂપે શૂર્પણખાને જ કૈકેયીને ત્યાં મોકલવાની વાત રામાયણ કરતાં જુદી છે.

વાલ્મીકિ રામાયણમાં વિવાહકાર્ય પૂર્ણ કરીને અયોધ્યાપતિ દશરથ પોતાના ચારે પુત્રો, પુત્રવધૂઓ, વસિષ્ઠમુનિ, ઋષિઓ, જાનૈયાઓ સહિત અયોધ્યા તરફ જવા નીકળે છે. થોડે દૂર ગયા પછી જામદગ્નિના પુત્ર પરશુરામ આવે છે. આમ, વાલ્મીકિ રામાયણમાં જનકપુરી છોડ્યા બાદ પરશુરામનું આગમન થાય છે.

બુલ્કેના જણાવ્યા પ્રમાણે – "નાટકકાર શ્રી મુરારિએ 'અનર્ઘરાઘવ' નાટકમાં પરશુરામના આગમનનો પ્રસંગ મિથિલામાં જ બનતો દર્શાવ્યો છે."

'અનર્ઘરાઘવ' નાટકમાં દશરણ પોતાના પુત્રો, ગુઢ વસિષ્ઠ, ઋષિઓ, જાનૈયાઓ સાથે જનકપુરીમાં જ છે ત્યાં પરશુરામ શિવધનુષ્ય ભંગથી કોપિત થઈને આવે છે, અને રામ, લક્ષ્મણ, દશરથ, જનક, વિશ્વામિત્ર વગેરે પર વાક્પ્રહાર કરે છે, વગેરે ઘટના ચોથા અંકના વિષ્કંભક બાદ તરત નિરૂપાયેલી જોવા મળે છે.

રામ–પરશુરામનું યુદ્ધ રામકથામાં નથી. બુલ્કેએ નોંધ્યું છે કે, "भारतीय राम– कथाओं में प्रायः राम–परशुराम के किसी युद्ध का वर्णन नहीं किया गया है; फिर भी 'अनर्घराघव' (अंक–4,56) के अनुसार राम तथा परशुराम युद्ध करने के उद्देश्य से रंगमंच से चले जाते हैं।"

'અનર્ઘરાઘવ'માં રામ–પરશુરામ વચ્ચે ઉગ્ર સંવાદ થાય છે. અંતે બન્ને યુદ્ધ પર આવી જાય છે, ત્યારે રામ જણાવે છે કે, "भार्गवसमन्तादुद्धातिनी भूमिरियम्। तदेहि, विमर्दक्षमं प्रदेशान्तरमवतरावः।"

આમ, અહીં ઉપર્યુક્ત પ્રસંગ પણ મૂળ રામકથાથી જુદો તથા મૌલિક છે.શ્રી કામિલ બુલ્કે જણાવે છે કે, "વાલ્મીકિ રામાયણ તથા મોટાભાગની રામકથા અનુસાર રામ–પરશુરામ સંઘર્ષનું કારણ એ છે કે, પરશુરામ એક સુયોગ્ય પ્રતિદ્વન્દ્વી ક્ષત્રિય સાથે યુદ્ધ કરવા ઈચ્છે છે."

મુરારિએ 'અનર્ઘરાઘવ'માં પરશુરામને શિવશિષ્ય દર્શાવ્યા છે – "कथं प्रमथनाथप्रथमान्तेवासिनं परशुराममपि भवान्नाजीगणत्।"

મહાવીરચરિતમાં પરશુરામને શિવશિષ્ય માનવામાં આવ્યા છે. જુઓ ....

"यदि प्रपद्येत धनुः प्रमाथः शिष्याय शम्भोर्न तितिक्षते सः।

आयोधने चेदुभयोर्निघातः संरम्भयोदति हि प्रियं नः।"

મહાવીરચરિતમાંથી પ્રેરણા લઈને અનર્ઘરાઘવકારે પરશુરામને શિવભક્ત દર્શાવ્યા છે. મહાવીરચરિતનો પ્રભાવ મુરારિ પર અનેક સ્થળે જોવા મળે છે. 'અનર્ઘ– રાઘવ'માં ચોથા અંકમાં રામ–પરશુરામ યુદ્ધની પ્રેરણા (અંક–૪.૫૬) મુરારિએ મહાવીરચરિત (અંક–૩.૪૮)માંથી અનુકરણ કર્યું છે, તે દેખાઈ આવે છે. ચોથા અંકમાં મિથિલામાં જ જામદગ્નિ જીતનો આનંદ ઉત્સવ સાથે રામના રાજ્યાભિષેકનો ઉત્તમ સમય રાજા દશરથ જણાવે છે. આ પ્રસંગ પણ કવિની મૌલિક રચના છે.

વાલ્મીકિ રામાયણમાં જનકપુરીથી વિદાય થયા બાદ માર્ગમાં દશરથ, રામ વગેરે સાથે ક્રોધિત પરશુરામનું મિલન થાય છે. પરશુરામ સાથેના રામના ઉગ્ર સંવાદ બાદ રામ પરશુરામનું વૈષ્ણવ ધનુષ્ય પળમાં ચઢાવે છે. પરશુરામ શ્રીરામની પ્રદક્ષિણા કરીને મહેન્દ્ર પર્વત પ્રતિ પ્રયાણ કરે છે. (બાલકાંડ, સર્ગ–૭૬) ત્યારબાદ રામ પિતા સહિત અયોધ્યામાં પ્રવેશે છે. ભરત તથા શત્રુઘ્ન મામા અશ્વપતિને ત્યાંથી અયોધ્યા આવે છે. દશરથ રાજા વિષ્ણુના અવતાર એવા રામચંદ્રના ગુણોથી ખૂબ જ ખુશ અને પ્રભાવિત હોય છે. પ્રધાનો, ગુઢ સાથે મંત્રણા કરી રામના રાજ્યાભિષેકની તૈયારી કરે છે. રામને વસિષ્ઠ મુનિ રાજ્યાભિષેકનું નિવેદન કરે છે. મંથરા કૈકેયીની કાનભંભેરણી કરે છે. બાદ કૈકેયી ક્રોધાગારમાં પ્રવેશે છે અને દશરથની પ્રતિજ્ઞા યાદ કરાવી કૈકેયી રામને ચૌદ વર્ષ વનવાસ અને ભરતને રાજસિંહાસન એવાં બે વચનોની માગણી કરે છે.

વાલ્મીકિ રામાયણથી અલગ વસ્તુની રચના કરવામાં મુરારિ કુશળ સાબિત થયા છે. આદર્શવાદના પ્રભાવ યુક્ત વસ્તુ નિરૂપણ કરતાં મુરારિએ કૈકેયીના દોષ નિવારણનું કાર્ય અત્યંત કુશળતાથી કર્યું છે. ' અનર્ઘરાઘવ'ના ચોથા અંકમાં રામની જીત તથા રાજ્યાભિષેક ઉત્સવની તૈયારી હોય છે, ત્યાં શૂર્પણખા બનાવટી મંથરા દ્વારા લવાયેલ ચિઠ્ઠી અને લક્ષ્મણ મધ્યમાં અંબા (કૈકેયી)એ મોકલેલ એ ચિઠ્ઠી લઈને આવે છે. ચિઠ્ઠી જનક રાજા વાંચે છે. જુઓ ....

"तन्मे वरद्वयमुरीकृतपूर्वमेव याचे बिभर्तु भरतस्तव राज्यलक्ष्मीम्।

वर्षाणि तिष्ठत, चतुर्दश दण्डकायां सौमित्रिमैथिलसुतासहितह्य रामः।"

અહીં રામ સાથે લક્ષ્મણ અને સીતાના ચૌદ વર્ષના વનગમનની માગણીમાં નાવીન્ય છે. ચિઠ્ઠીનો પ્રસંગ આખો કવિની આગવી કલ્પના દ્વારા રચાયેલો છે. ઘટના મિથિલામાં જ બને છે. પત્ર દશરથને બદલે જનક વાંચે છે. રાજા દશરથ તથા જનક મૂર્ચ્છિત થઈ જાય છે.

આમ, આખો પ્રસંગ મૂળ કથાથી જુદો નિરૂપી કથાવસ્તુમાં નવો વળાંક લાવવાનો પ્રશંસનીય પ્રયત્ન નાટ્યકાર દ્વારા થયો છે તથા કૈકેયી દોષ નિવારણનું કાર્ય પણ સુગમતાપૂર્વક રજૂ કર્યું છે.

બુલ્કે જણાવે છે કે, "मुरारि कृत अनर्घराघव में कैकेयी के किसी दोष का प्रश्न नहीं उठता है। स्वयंवर के समय शूर्पणखा मंथरा के वेश में मिथिला पहुँचकर दशरथ को कैकेयी का एक जाली पत्र देती है, जिसमें वर के बल पर राम का निर्वासन मांगा था। फलस्वरूप राम भरत को अपनी पदुकाएँ देकर मिथिला ही से वन के लिए प्रस्थान करते हैं।"

શ્રી ડી. આર. સુથાર નોંધે છે કે, “પરશુરામ સાથે યુદ્ધ કરવા તત્પર બનેલા રામના ધનુષ્યનો ટંકાર સાંભળી સીતા એક વિચિત્ર છતાં નવી કલ્પના કરે છે.” જુઓ ....

“कन्या काचिदिहापि कर्मणि पण: स्यादित्यसूयावल–

त्सीतापौमयूखमांसलमुखज्योत्स्नाविलिप्तीं दिवम् ।

क वर्णिेन रघूद्वहेन चकृषे नारायणीयं धनु:

संघायाथ शरह्य भार्गवगतिच्छेदादमोघीकृत: ।”

અહીં નવીન કલ્પના સાથે સ્ત્રીસહજ શંકાશીલ સ્વભાવની પ્રતીતિ કરાવી છે. વાલ્મીકિ રામાયણમાં કામાંધ બનેલી શૂર્પણખા રામ પાસે આવીને રામને પોતાનો પતિ બનવાનો પ્રસ્તાવ મૂકે છે. રામ લક્ષ્મણને આ રાક્ષસીના નાક–કાન કાપી કદરૂપી બનાવવા જણાવે છે. “રામની આવી આજ્ઞા સાંભળીને લક્ષ્મણે તલવારના એક જ ઝાટકે પળ માત્રમાં શૂર્પણખાનાં નાક–કાન કાપી નાખ્યાં.”
અનર્ઘરાઘવકાર મુરારિએ નાક–કાન ઉપરાંત હોઠ પણ કાપેલ વર્ણવ્યાં છે.

“लक्ष्मणरोषहुतभुजि कर्णनासौष्ठमयीभिस्तिसृभिराहुतिभि: प्रायह्रित्तयांचक्रे ।”

ઉપર્યુક્ત પ્રસંગ અંગે બુલ્કે નોંધે છે કે, “શર્પૂણખાના વિરૂપીકરણના વિષયમાં અન્ય ગૌણ વિભિન્નતા પણ જોવા મળે છે. ‘અનર્ઘરાઘવ’માં લક્ષ્મણ કાન તથા નાક ઉપરાંત એના હોઠ પણ કાપી લે છે.”
મૂળ વાલ્મીકિ રામાયણમાં સુગ્રીવ વાલીને વેર છે અને સુગ્રીવ રામના રહેવાથી વાલીને પડકારી દ્વન્દ્વ યુદ્ધ કરે છે. રામ વૃક્ષ પાછળ છુપાઈને વાલીનો વધ કરે છે. જ્યારે મુરારિકૃત ‘અનર્ઘરાઘવ’માં વાલી સ્વયં ઉશ્કેરાઈ, ઉત્તેજિત થઈ રામને યુદ્ધ માટે પડકાર ફેંકે છે અને રામ વાલીનો વધ કરે છે. જુઓ ....

“प्राणै: समं कनकपुष्करकण्ठमालासूत्रेण दाशरथये विहितातिथेय: ।

दिक्क लमुद्वहयश:सरिदादिशैल: शेते स वीरशयने कपिचक्रवर्ती ।”

પ્રા. ડી. આર. સુથાર નોંધે છે કે, “રામાયણ પ્રમાણે રામે છુપાઈને વાલીનો વધ કર્યો તેથી એમનો યશ કલંકિત થાય છે. ‘અનર્ઘરાઘવ’ નાટકમાં ઉત્તેજિત થઈ રામને યુદ્ધ માટે પડકાર ફેંકે છે. આમ, વાલી – સુગ્રીવ યુદ્ધને બદલે અહીં રામ – વાલી યુદ્ધનું વર્ણન થયું છે.”

બુલ્કેએ નોંધ્યું છે તે પ્રમાણે – “‘अनर्घराघव’ में लक्ष्मण दुदुंभि के अस्थिकंकाल को दूर तक फेंक देते हैं । इस पर वाली बाकर युद्ध के लिए ललकारता है और राम द्वन्द्व युद्ध में उसका वध करते हैं ।”

પ્રા. ડી. આર. સુથારે નોંધ્યું છે કે, “ગુહના રક્ષણ માટે લક્ષ્મણનું કબંધ સાથેનું યુદ્ધ પણ મુરારિની પોતાની કલ્પના છે.”

‘અનર્ઘરાઘવ’ નાટકમાં નિષાદરાજ ગુહ કબંધ નામના રાક્ષસથી પીડાઈ રહ્યો છે. રામ ગુહની સહાય કરવા લક્ષ્મણને મોકલે છે. લક્ષ્મણ કબંધનો નાશ કરે છે.

વાલ્મીકિ રામાયણમાં રાવણના રહેવાથી શુક અને સારણ સાગર પાર કરી આવેલ રામનું શૈન્ય બળ જાણવા જાય છે. વાનરવેશે રહેલ શુક–સારણને ઓળખી લઈ વિભીષણ બંદી બનાવી રામ પાસે લઈ

જાય છે. રામ તેમને છોડી દઈ રાવણ પર પોતે લંકા પર બીજે દિવસે ચઢાઈ કરવાના છે તેવો સંદેશો મોકલે છે.

મુરારિએ 'અનર્ઘરાઘવ' નાટકના છઠ્ઠા અંકમાં થોડો ફેરફાર કર્યો છે. સારણ સેતુ બાંધવા માટે એકત્રિત વાનરો સાથે વાનરરૂપ ધારણ કરીને કાર્ય કરે છે. ત્યાં વિભીષણના હાથે પકડાઈ જાય છે. રામ પાસે બંદી બનાવીને લઈ જાય છે. રામ તેને મંત્રીની જેમ બેસાડીને આદર સહિત મોકલી આપે છે. અહીં રામનું ઔદાર્ય જણાઈ આવે છે.

નાટ્ય રચનાને અનુરૂપ રામ – રાવણનું યુદ્ધ રત્નચૂડ – હેમાંગદ નામના સિદ્ધોના સંવાદ દ્વારા રજૂ કરેલું જોવા મળે છે. સાતમા અંકમાં રામ, સીતા, લક્ષ્મણ અને સુગ્રીવ કુબેરના પુષ્પક વિમાનમાં અયોધ્યા જવા પ્રસ્થાન કરે છે. એમનો માર્ગ કંઈક જુદો છે. એ. બી. કીથે નોંધ્યું છે તેમ – "એમનો માર્ગ સાધારણ પથથી ભિન્ન છે, કારણકે તે યાત્રી પહેલાં કાલ્પનિક પર્વત સુમેઢ અને ચંદ્રલોકના સમાન દર્શન માટે અંતરિક્ષ લોકમાં જાય છે. ત્યાર બાદ જ સિંહલના (જે પરંપરા અનુસાર લંકાથી ભિન્ન માનવામાં આવ્યો છે તેના) વર્ણનથી એમની યાત્રા શરૂ થાય છે."

બુલ્કેના મતે – "સંસ્કૃત કાવ્યમાં સિંહલ તથા લંકા ભિન્ન ભિન્ન દેશ સમજવામાં આવતા હતા. ભવભૂતિ, મુરારિ, રાજશેખર આદિ સિંહલ દેશને લંકાથી ભિન્ન માને છે. સાતમા અંકમાં અયોધ્યા આવેલ રામ, લક્ષ્મણ વગેરે વસિષ્ઠને પ્રણામ કરે છે, ત્યારે વસિષ્ઠ ચારેયને આશીર્વાદ આપતાં જણાવે છે કે ....

"तथापि यूयं सर्वेऽपि द्वौ द्वौ जनयतात्मजौ ।
यैरादिराजवंशोऽयमष्टशाखः प्ररोहति ।"

અહીં નાટ્યકારની મૌલિક કલ્પના જોવા મળે છે. પ્રકરણના અંતે બુલ્કેના શબ્દો જોઈએ તો – "आदिरामायण तथा रामोपाख्यान के कारण एक काव्य परम्परा चल पड़ी और शताब्दियों तक चलती रही, जिसके अनुसार रामचरित का वर्णन उनके अभिषेक पर समाप्त किया जाता है।"

'અનર્ઘરાઘવ'ની સમાપ્તિ પણ આવી જ રીતે થઈ છે.

## સંદર્ભ ગ્રંથ

૧.'અનર્ઘરાઘવ', શ્રી મુરારિ
૨.'સંસ્કૃત સાહિત્યનો પરિચયાત્મક ઇતિહાસ', (સંપા.) ગૌતમ પટેલ
૩.'વાલ્મીકિ રામાયણ', (સંપા.) રાજેન્દ્ર નાણાંવટી
૪.'શ્રી વાલ્મીકિ રામાયણ' પરિષ્કૃત કર્તા – હરેન્દ્ર હ. શુક્લ
૫.रामकथा : उत्पत्ति और विकास – फाधर कामिल बुल्के
૬.'Mahaviracharita', ભવભૂતિ
૭.संस्कृत नाटक – ए. बी. कीथ] (अनु.) डॉ. उदयभानु सिंह